જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૧૬ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૧૪૪ લીટર દેશી દારૂ, ૪૬ ઈંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૮/૧૬**

**ઓઢવ : લક્ષ્મણભાઇ સુરચંદભાઇ ચૌહાણ (રહે.કડીયાનાકા પાછળ, જાગતના મેદાનમાં, કાચા છાપરામાં આદિનાથનગર, ઓઢવ)** એ તા.૨૩/૯/૧૬ નાંરોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે **તા.૨૭/૮/૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યાનાં** સુમારે ઘર નજીક રહેતો આરોપી **સુભાષભાઇ રામસીગ કટારા ઘર નજીકથી લક્ષ્મણભાઇની પુત્રી સોનલ (ઉ.વ.૧૩)** ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી **જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એન.એલ.દેસાઇ** ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૯/૧૬**

કૃષ્ણનગર : કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષની યુવતીએ તા.૨૩/૯/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૭/૧૬ **ના કલાક ૧૦/૦૦ થી તા.૮/૭/૧૬ સુધીનાં સમયગાળા** દરમ્યાન આરોપી **રોહીત કાતીલાલ પટેલે** લગ્ન કરવાની લાલચ આપી, **બોમ્બે મલાડ ખાતે રહેતાં રોહિતનાં સબંધીનાં ઘરે તેમજ પટેલ પરા, ગામ: પીલવઇ તા:વીજાપુર જી: મહેસાણા ખાતે આવેલ પોતાનાં ઘરે લઇ જઇ યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **ડી.વી.ખરાડી** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૦/૧૬</u>

કારંજ : જીવણભાઇ જયંતીભાઇ મકવાણા (ઉ.વ.૩૮)(રહે.પ્રભુપાર્ક સોસાયટી, ઇન્ડીયન પેટ્રોલ પંપની સામે, ચેનપુર રોડ, ન્યુ રાણીપ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી રણજીતભાઇ શકરાભાઇ ઠાકોર (રહે.ચેનપુર ગામ, ન્યુ રાણીપ, સાબરમતી) એ પોતે પરીણીત હોવા છતાં જીવણભાઇની દિકરી મનિષા સાથે લગ્ન કર્યા બાદ, જીવણભાઇ દલિત જ્ઞાતીના હોય મનમેળ નહીં રાખી, જીવણભાઇની દિકરી સાથે છૂટાછેડા મેળવી, તા.૨૩/૯/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રણજીત ઠાકોરે મનીષાને દવાની પડીકી આપી મરી જવાનું જણાવતાં, મનીષાએ રણજીતે આપેલ દવાની પડીકી પી લેતાં, તબિયત ખરાબ થતા, સારવાર દરમ્યાન મનીષાનું મૃત્યુ નિપજ્યુ છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી એસ.સી.એસ.ટી. સેલ, કારંજ ભવન ચલાવે છે.

<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૧/૧૬</u>

શહેરકોટડા : ઉત્તમસિંહ દિવાકરસિંહ રાજપુત (ઉ.વ.૨૮)(રહે,પ્રણવકુંજ સોસાયટી, પુજા હોસ્પીટલની બાજુમાં, મેઘાણીનગર) એ તા.૨૩/૦૯/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૧૬ સવારના ૫/૦૦ થી ૭/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી રમેશ માંગીલાલ મેઘવાલ (મારવાડી) (રહે,પુષ્પરાજ એસ્ટેટ, શેડ નં.૪૮ સીટી ગોલ્ડ સિનેમા પાસે, સરસપુર) ઉત્તમસિંહ અને અન્ય વેપારીઓને વિશ્વાસમાં લઇ, કુલ પેન્ટ નંગ- ૭૫૭૬ કુલ કિંમત રૂપીયા ૧૧,૩૬,૪૦૦/- તથા પેન્ટની લુક્સ પટ્ટીની સિલાઇ કરવાનુ ટેકીંગ કંપનીનું બારટેક મશીન નંગ-૧ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- જે મશીન અને પેન્ટ, કામ કરવા માટે લઇ જઇ પરત ન આપી નાસી જઇ, ઉત્તમસિંહ અને અન્ય વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એન.બી.સોલંકી** ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫૨/૧૬</u>

ખોખરા : સંકેત રૂઝવેલ્ટ શાહ (ક્રીશ્ચન) (રહે,કનાન પાર્ક, લાલભાઇ સેંટરની બાજુમાં, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨૨/૦૯/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૯/૧૬ સવારના ૫/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન** પોતાનાં મકાનનાં પહેલાં માળી આવેલ બેડરૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લાકડાનાં કબાટમાંથી **સોનાની ચેઇન, સોનાની ત્રણ જોડ બુટી, સોનાની ત્રણ વીંટી અને સોનાની ચેઇનનાં પેંડલ નંગ-૩ કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૦૦૦/- મતાની** ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એલ.જે.વાળા** ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)